# યુવા.રોજગાર.અવસર

divyabhaskar.com

દિવ્ય ભાસ્કર, અમદાવાદ, મંગળવાર, 2 જુલાઈ, 2019

### જુલાઈ-ઓગસ્ટમાં ગુજરાત યુનિ.ના પ્લેસમેન્ટ ફેરમાં કોઈપણ યુનિવર્સિટીના સ્નાતકો ભાગ લઈ શકશે

# યુનિ.ના જોબફેરમાં 10થી વધુ કંપની 700થી વધુ નોકરી આપશે

પ્રતીક શાહ | અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટી સહિતની રાજ્યની કોઈપણ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલા ઉમેદવારોને સેલ્સ, માર્કેટિંગ, એક્ઝિક્યુટિવ, ટેલિકોલર સહિતની પોસ્ટની જોબ ઓફર કરવા માટે નિઃશુલ્ક ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. જુલાઈના છેલ્લા અઠવાડિયા કે ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં આ જોબ ફેર સંભવત : યોજવામાં આવશે. આ જોબફેરમાં વિવિધ સેક્ટરની આશરે 10થી વધુ કંપનીઓ ભાગ લેશે. જે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન નહીં કરાવ્યું હોય તેવા તમામ વિદ્યાર્થીઓ પણ આ જોબ ફેરમાં ભાગ લઈ શકશે.

જોબફેરમાંથી પસંદ થયેલા ઉમેદવારને પ્રતિમાસ રૂ. 10 હજારથી 20 હજારનો પગાર ઓફર કરવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટીના ઈન્ચાર્જ પ્લેસમેન્ટ ઓફિસર ત્રિજલ દેસાઈના જણાવ્યા પ્રમાણે, 'રોજગાર ઈચ્છતા વિદ્યાર્થીઓ અને રોજગારી ઈચ્છતી કંપનીઓ વચ્ચે સેતુરૂપ કડી બનવાની અમારી અપેક્ષા છે.'

## સેલ્સ, માર્કેટિંગ, એક્ઝિક્યુટિવ, ટેલિકોલરની પોસ્ટ માટે મહિને 10થી 20 હજારની નોકરી અપાશે



### રજિસ્ટ્રેશન વગરના પણ વિદ્યાર્થીઓ જોડાઈ શકે

જોબ ફેરમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યારબાદ કંપનીઓ ઓનલાઈન રિટર્ન ટેસ્ટ લેશે. ત્યારબાદ સ્પોટ ઈન્ટરવ્યૂ લેશે. ઉમેદવારોએ રિઝ્યુમ, ફોટોગ્રાફ્સ, માર્કશીટ, રહેઠાણનો પુરાવો, આઈડી કાર્ડ ફરજિયાતપણે લાવવાના રહેશે. ઓનલાઈન રજિસ્ટ્રેશન ન કરાવ્યું હોય તે પણ આ ફેરમાં જોડાઈ શકશે.

### યુનિવર્સિટીની વેબસાઈટ પર રજિસ્ટ્રેશન થઈ શકશે

યુનિવર્સિટીના જોબ પ્લેસમેન્ટમાં ભાગ લેવા ઈચ્છતા અને રજિસ્ટ્રેશન કરાવનાર વિદ્યાર્થીઓને વિશેષ માહિતી ઈ-મેઈલથી મોકલવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ http://gupc.gujaratuniversity.ac.in/ પર જઈને ''રજિસ્ટ્રેશન એન્ડ સ્ટુડન્ટ આસિસ્ટન્ટ'' લિન્ક પરથી વિદ્યાર્થીઓ પોતાનું રજિસ્ટ્રેશન કરી શકશે.

### છેલ્લા 3 વર્ષના ગ્રેજ્યુએટ ભાગ લઈ શકશે

> રાજ્યની કોઈપણ યુનિવર્સિટીમાંથી છેલ્લા ત્રણ વર્ષમાં સ્નાતક થયેલા ઉમેદવારો આ જોબ ફેરમાં ભાગ લઈ શકશે. સેલ્સ, માર્કેટિંગ, એક્ઝિક્યુટિવ, ટેલિ કોલર, રીટર્ન રીલેશનશિપ એક્ઝિક્યુટિવની પ્રતિ માસ મિનિમમ રૂ. 10 હજારથી 20 હજારની વચ્ચે પગાર ઓફર થશે.
>
> ડૉ. હિમાંશુ પંડ્યા, વાઇસ ચાન્સેલર, ગુજરાત યુનિવર્સિટી

મેડિક...

પ્રથમ...

250...